જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૦/૧૧/૨૦૧૭ શુક્રવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૨૬૫/૧૭

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ૮૬ કેસ કરી, ૮૧ વ્યક્તિઓને ઝડપી, ૩૧૮ લીટર દેશી દારૂ, ૬૭ બોટલ ઈંગ્લીશ દારૂ, ૮ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૨ મોટર સાયકલ, ૧ રિક્ષા, ૧ કાર અને ૧ સ્કૂટર કબજે કર્યું હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૫ કેસ કરી ૧૮ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૫૬,૮૦૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૨૬૬/૧૭

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સીઆર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૬૦૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૮૮ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૧૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ઘરફોડઃ- સમાચાર યાદી નં.૨૨૬૭/૧૭**

**વાડજઃ** ધર્મેશભાઇ મફતલાલ મોદી (રહે. સાગર એપાર્ટમેન્ટ ભાવસાર હોસ્ટેલ પાસે નવા વાડજ) એ વાડજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૭/૧૧/૧૭ કલાક ૧૨/૦૦ થી તા.૯/૧૧/૧૭ કલાક ૯/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનો નકુચો તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોનાના દાગીના કિમત રૂપિયા ૧,૭૫,૮૫૦/- અને રોકડ રૂપિયા ૨,૦૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૩,૭૫,૮૫૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી જે.એ.રાઠવા ચલાવે છે.

એલીસબ્રીજઃ મોનિસ સુકેતુભાઇ શાહ(રહે.નારંગી વીલા બંગ્લોઝ સ્તવ્ય સ્પાઇન હોસ્પિટલ સામે નગરી હોસ્પિટલની બાજુમાં એલીસબ્રીજ) એ એલીસબ્રીજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૯/૧૧/૧૭ બપોરના ૧૨/૦૦ થી ૧/૪૫ વાગ્યા દરમ્યાન પોતાના મકાનનો દરવાજો ખોલી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તિજોરીનુ ખાનુ કોઇ ડુપ્લીકેટ ચાવીથી ખોલી તિજોરીમાંથી રોકડ રૂપિયા ૬,૦૦,૦૦૦/- ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એ.એસ.પટેલ ચલાવે છે.

**<u>ચોરીઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૨૨૬૮/૧૭</u>**

**સાબરમતીઃ** અનીતાબહેન બંસીલાલ વાધવાણી (ઉ.વ.૫૨) (રહે. ધર્મનગર વિભાગ-૨ સાબરમતી) એ સાબરમતી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૯/૧૧/૧૭ બપોરના ૧૧/૦૦ થી ૧૨/૦૦ વાગ્યા દરમ્યાન પાલડીથી સાબરમતી પાવર હાઉસ એએમટીએસ બસની મુસાફરી દરમ્યાન અજાણી વ્યક્તિએ પોતાના પર્સમાંથી સોનાની બંગડી નંગ-૨ કિમત રૂપિયા ૫૦,૦૦૦/- , સોનાનો હાર કિમત રૂપિયા ૫૦,૦૦૦/-, સોનાની વીંટી નંગ-૨ કિમત રૂપિયા ૨૦,૦૦૦/-, ચાંદીનો હાર કિમત રૂપિયા ૧૮૦૦/- અને રોકડ રૂપિયા ૮૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૨૯,૮૦૦/- મતાની ચોરી કરી લીધી હતી. આ ગુનાની તપાસ પોસ.ઇ.શ્રી ડિ.જી.બડવા ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.